**<u>ફોજદારી પરચુરણ અરજી નં. ૨૧/૨૦૨૬</u>**

**<u>વાંસદા પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૮૨૨૦૦૩૨૬૦૦૦૫/૨૦૨૬ ના કામે અરજદાર નિખિલભાઇ ગોપાલભાઇ વસાવા નાઓની મુદ્દામાલ પરત લેવાની અરજી તળે હુકમઃ</u>**

(૧) આ કામે અરજદારે હાલની અરજી ઉપરોક્ત ગુન્હાના કામે મુદ્દામાલ ડ્રાઈવિંગ લાયસન્સ નં. GJ22 20130001332, બી.એન.એસ. કલમ–૩૩૬(૩), ૩૩૭, ૩૪૦(૨) મુજબના ગુન્હાના કામે કબજે લીધેલ છે. તે પરત મેળવવા બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ ના પ્રબંધ હેઠળ અરજદારે અરજી કરેલ છે. અરજીની હકીકત મુજબ, અરજદારે ફોર–વ્હીલર લાયસન્સ કઢાવવા માટે તેમનું અસલ લાયસન્સ આર.ટી.ઓ. એજન્ટ જીગરકુમાર ભીખુભાઇ પટેલને આપ્યું હતું. સદર એજન્ટ વિરુદ્ધ ડુપ્લીકેટ લાયસન્સ બનાવવા અંગેનો ગુનો નોંધાતા, પોલીસે તપાસ દરમ્યાન અરજદારનું અસલ લાયસન્સ મુદ્દામાલ તરીકે જમા લેવામાં આવેલ છે. અરજદાર એસ.આર.પી. ગૃપ–૧૪ માં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. જેથી તેઓની રોજ બરોજની ફરજ ઉપર જવા આવવા માટે ટુ–વ્હીલર વાહનનો ઉપયોગ કરવો પડતો હોય તેઓને ડ્રાઈવિંગ લાયસન્સની ખૂબ જ જરૂર છે. વધારે સમય તેઓનું લાયસન્સ પો.સ્ટે.માં પડી રહે તો ખોવાઇ જવાની શક્યતા રહેલી છે. જેથી સદર મુદ્દામાલ પરત મેળવવા સદર અરજી કરેલ છે.

(૦૨) સદર અરજી અન્વયે સદર કેસમાં રજૂ થયેલ મુદ્દામાલ પાવતી તથા પંચનામાને ધ્યાને લેતાં સદર મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં જમા હોવાનું અને મુદ્દામાલ આરોપી જીગરભાઇ ભીખુભાઇ પટેલ પાસેથી કબજે કરવામાં આવેલ હોવાનું જણાઈ આવે છે. તેમજ આ કામે ત.ક. અમલદારે સદર મુદ્દામાલ લાયસન્સ પરત સોંપવાનો અભિપ્રાય આપેલ છે.

(૦૩) હાલના અરજદાર તરફે પોતાના ડ્રાઈવિંગ લાયસન્સ તથા આધારકાર્ડની ઝેરોક્ષ નકલ રજૂ કરવામાં આવેલી છે. વધુમાં, અરજદાર તરફે રજૂઆત કરવામાં આવેલી છે કે, તેઓ નામદાર કોર્ટ ફરમાવે તેવી શરતોનું

પાલન કરવા ખુશ છે. વળી સદર મુદ્દામાલ પડી રહે તો અરજદારને હાલાકી ભોગવવી પડે તેમ છે તેમજ ખોવાઇ જવાની શક્યતા રહેલ હોય, તે હકીકતોને ધ્યાને લીધી.

(૦૪) મુદ્દામાલ અંગેના **નામદાર સુપ્રિમ કોર્ટનાં ચુકાદા સુંદરલાલ અંબાલાલ–વિરૂદ્ધ–સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૩(૧) જી.એલ.એચ.પેઈઝ નં.૩૦૭**– માં ઠરાવેલ છે કે, મુદ્દામાલનો શક્ય તેટલો વહેલો નિકાલ કરવો જોઈએ અને તેના યોગ્ય માલિકને પરત સોંપવો જોઈએ. તેથી સદર સિદ્ધાંતને ધ્યાને રાખી સદર મુદ્દામાલને તદ્દન વચગાળાની કસ્ટડી તરીકે અરજદારને પરત સોંપવામાં આવે તો ન્યાયનો હેતું જળવાય તેમ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

(૦૧) આથી, અરજદાર નિખિલભાઇ ગોપાલભાઇ વસાવાની હાલની અરજી મંજૂર કરવામાં આવે છે.

(૦૨) સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ ડ્રાઇવિંગ લાયસન્સ નં. GJ22 20130001332 અંગે સદર કામે રૂ.૫૦૦૦/– ના જાત મુચરકા તથા તેટલી જ રકમના બોન્ડ રજૂ કર્યેથી નીચેની શરતોને આધીન તદ્દન વચગાળાની કસ્ટડીએ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

## –:: શ ર તો ::–

(૧) લાયસન્સ સોંપતા પહેલા પોલીસે તેની બંને બાજુની સ્પષ્ટ ઝેરોક્ષ નકલ કરાવી, તેના પર અરજદારની સહી લઇ રેકર્ડ પર રાખવી.

(૨) અરજદારે કેસનો આખરી નિકાલ ના થાય ત્યાં સુધી આ લાયસન્સની જરૂરી જણાય ત્યારે નામદાર કોર્ટ સમક્ષ અચૂક રજૂ કરવાનું રહેશે.

(૩) તપાસ કરનાર અમલદારે મુદ્દામાલ પરત કર્યા અંગેનું વિગતવાર પંચનામું કરવું.

(૪) અરજદારે મુદ્દામાલનો કોઈપણ ગુનાહિત પ્રવૃતિમાં ઉપયોગ કરવો

કરાવવો નહીં.

(૫) ત.ક.અમલદારશ્રીએ માલિકીની નિયમોનુસારની ખરાઈ કરી મુદ્દામાલ પરત કરવો.

બોન્ડ પોલીસ સ્ટેશનને આપવા અંગે જરૂરી યાદી કરવી.

હુકમ આજરોજ તારીખ–૨૩મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી–સીક્કો કરી જાહેર કર્યો.

તા.૨૩/૦૩/૨૦૨૬
વાંસદા.

સહી/–
(રશ્મિકાંત રામચંદ્ર બારીઆ)
જ્યુડિશ્યલ મેજિ. ફ.ક.,
વાંસદા, જિ.નવસારી.
કોડ નં. જી.જે.૦૧૬૦૯